મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૭૫ ટકા
ગાંધીનગર તાપમાન

વ્રત-પર્વોના કારણે ફુલબજારમાં ઘરાકી જામી

ગુલાબ, ગલગોટા, કમળ, જરદોશી, લીલીના ફુલોના લારીઓમાં ઢગલે-ઢગલા

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં ધાર્મિક પર્વોનો માહોલ છવાયો છે. એક બાદ એક વ્રત-ઉપવાસનો અનોખો આ મહિનો શહેરમાં ધાર્મિક માહોલ લાવ્યો છે. સાથે જ આવતાં મહિને પવિત્ર શ્રાવણ મહિનો પ્રારંભ થવા જઈ રહયો છે. ત્યારે વ્રત-ઉપવાસને પગલે ફુલબજારમાં રંગબેરંગી ફુલોની ધૂમ આવક થઈ રહી છે.

શહેરમાં ફુલોનો વેપાર કરતા હોય તેવી દુકાનો અને લારીઓમાં ગુલાબ, ગલગોટા, જરદીશી, લીલીના ફુલ, બિલ્પત્ર, કમળના ફુલોના ઢગલે ઢગલાં જોવા મળી રહયા છે. ઉપવાસ કરતાં શ્રધ્ધાળુઓ દ્વારા મંદિરોમાં ફુલ અને ફુલનો હાર ચઢાવવામાં આવે છે તેથી આ દિવસોમાં ફુલોની માંગ પણ વધી જાય છે. સાથે જ મંદિરોમાં હીંડોળા ઉત્સવ ચાલી રહયો છે તેવામાં અલગ અલગ રંગબેરંગી ફુલોની ડીમાન્ડ વધારે રહે છે. તેથી ફુલોની લારીઓમાં આજકાલ ગ્રાહકોની ભારે ભીડ જોવા મળે છે.

સામાન્ય રીતે શ્રાવણ માસમાં પુજાપા માટે ફુલોની ખરીદીના પ્રમાણમાં વધારો થાય છે. જેના કારણે ફુલોની કિંમતમાં પણ વધારો કરવામાં આવે છે. દર વર્ષે શ્રાવણ માસ ઉપરાંત નવરાત્રી દિવાળી દરમિયાન પણ ફુલોની કિંમતમાં વધારો થાય છે. સામાન્ય દિવસોમાં ૪૦ રૂપિયાથી ૫૦ રૂપિયે કિલો વેચાતા ફુલોના ભાવ ૧૦૦ને પાર થયા છે. ગુલાબના ફુલના પ્રતિકીલોના ભાવ ૧૦૦થી ૧૬૦ રૂપિયા છે. ગલગોટાના ભાવ પ્રતિકિલોએ રૂા.૧૨૦ રૂપિયા છે. જે પહેલા ૫૦થી ૬૦ રૂપિયા હતો. ટગરના ફુલોના પ્રતિ કિલોના ૧૧૦ રૂપિયા થયા છે જે પહેલા ૭૦ રૂપિયા હતા. જયારે સેવન્તીના પ્રતિકિલોના ૧૦૦ રૂપિયા થયા છે જે પહેલા ૫૦ રૂપિયા હતા. આમ શ્રાવણમાં ફુલબજારમાં ફુલ તો ખીલ્યા છે પણ ભાવ સાંભળીને ચહેરા મુરઝાઈ જાય છે. અગાઉ લગ્નસરાની મોસમના કારણે ફુલોની ડીમાન્ડ વધારે રહી હતી તો હવે શ્રાવણ સહિત ઉપવાસોના કારણે ફુલોની ડીમાન્ડ વધવા પામી છે. તેથી ફુલોનો વેપાર કરતાં વેપારીઓ આનંદમાં છે.

ગાંધીનગરના બાગબગીચાઓમાં ફુલોના છોડવાઓનું પ્રમાણ વધારે છે તેમ છતાં શહેરીજનોને મોંઘા ફુલોની ખરીદી બજારમાંથી કરવી પડી રહી છે. કારણકે ફુલ છોડવાના રોપાઓમાં યોગ્ય કાળજીનો અભાવ હોવાથી તેમાં ફુલો ઉગી રહયા નથી અને જે શોભાયમાન ફુલો નજરે ચઢી રહયા છે તેનો ઉપયોગ પુજામાં કરવામાં આવતો નથી. ફુલોના વેપારીઓના જણાવ્યા મુજબ હજુ પણ ફુલોના ભાવમાં ઉછાળો થવાની પુરેપુરી સંભાવના વર્તાઈ રહી છે. શ્રાવણમાં ફુલોની ખરીદી વધશે તેમ ભાગમાં ઉછાળો જોવા મળશે.

જન્મદિને વધામણી

જયેશભાઈ બ્રહ્મભટ્ટ

વિપુલકુમાર એચ સોની
મો. ૯૮૯૮૦ ૪૭૫૬૯

ધ્યાની ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪

દીપક એમ પરમાર
મો. ૯૯૨૪૪ ૮૯૬૯૫

જિજ્ઞાસા રાવલ
મો. ૯૮૨૫૫ ૯૯૭૦૯



સંસ્કૃતિ રાવલ

પ્રીન્સ શેઠ



હર્ષ ત્રિવેદી

બીપીનચંદ્ર ઠાકર

ખુશી પુરોહીત

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૨૧મી સદીના કૌશલ્યો શીખવવા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

પાંચ દિવસની નિવાસી તાલીમ શિબિરમાં એક્ઝિક્યુટિવ કોચ તરીકે કાર્યરત એવા મિસ્ટર હરેશ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ૨૧મી સદીના કૌશલ્યો જેવા કે કમ્યુનિકેશન સ્કિલ્સ, કોલાબ્રેશન, ક્રિએટિવ થીંકીંગ, ક્રિટિકલ થીંકીંગ લીડરશીપ, ટીમ બિલ્ડીંગ, ફ્લેક્સિબીલીટી, એડજસ્ટમેન્ટ જેવા કૌશલ્ય વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી શીખવાડ્યા હતા. કાર્યક્રમમાં ગેસ્ટ સ્પીકર તરીકે ૧ ૩વર્ષની આર્ય ચાવડા ઉપસ્થિત રહી પર્યાવરણ અને પ્રકૃતિ માટે યુવાન તરીકે શું કરી શકાય તેની વાત કરી હતી એન બીજા ગેસ્ટ ઉદયભાઈ જાદવ ઉપસ્તિત રહી ને પોતાના જીવનમાં આવેલી મુશ્કેલીનો ડર્યા વગર, આત્મવિશ્વાસ સાથે કેવી રીતે આગળ વધી શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તાલીમ ના પાંચમા દિવસે વિધાર્થીઓને સુઘડ ખાતે ઈહદ્દૈહિદ્વીહંદ્દઙ્ગ જીદ્દહૈદ્દૈહૈ હજી ની મુલાકાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કડી સર્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો જેનું સંચાલન અને સંકલન ડો. ધર્મેન્દ્ર પટેલ, સુરજ મુંજાણી અને રાહુલભાઈ સુખડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ટૂલ કન્સ્ટ્રક્શન પર પાંચ દિવસ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

રિસર્ચ સાથે સંકળાયેલાં દેશના જાણીતા વિદ્વાન તજજ્ઞો દ્વારા રિસર્ચ અને ટૂલ કન્સ્ટ્રક્શનના વિવિધ ઘટકો અંગે ઊંડાણમાં માર્ગદર્શન પૂરું પાડ્યું

ગાંધીનગર, તા.૧૫

ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગરના સંશોધન કેન્દ્ર હેઠળ પરીક્ષણ અને મૂલ્યાંકન વિભાગ દ્વારા ૧૧મી જુલાઈથી ૧૫મી જુલાઈ સુધી પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાષ્ટ્રમાંથી વિદ્વાન તજજ્ઞો અને શિક્ષણવિદો પધાર્યા હતા.આ ઉપક્રમમાં સંશોધનના પ્રકાર, સર્વેની પધ્ધતિ, પૂર્વધારણા, સંશોધન નમૂના, અને ટૂલ્સના પ્રકાર તેમજ ટૂલ્સ બનાવવાના અલગ-અલગ ઘટકો અંગે બૃહદ જ્ઞાનસભર ચર્ચા કરવામાં આવી હતી.

૧૧ જુલાઈના રોજ ઉદઘાટન સત્રથી શરૂ થયેલી આ યાત્રા ૧૫ જુલાઈ ૨૦૨૩ના રોજ સમાપન સત્ર સાથે સમાપ્ત થઈ હતી. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ દરમિયાન સમગ્ર રાષ્ટ્રમાંથી વિદ્વાન અને પ્રતિભાસંપન્ન તજજ્ઞોએ સ્તુત્ય સત્રો લીધા હતા. આ કાર્યશિબિરમાં સહભાગી તરીકે સમગ્ર રાષ્ટ્ર જ નહીં, પણ વિભિન્ન સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતિનિધિત્વ કરતાં વિવિધ વિદ્વાનો સહભાગી થયા હતા. આ ઉપરાંત કાર્ય શિબિરમાં સામેલ તમામ સહભાગીઓએ પોતાની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, સમગ્ર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામની યાત્રા શૈક્ષણિક રીતે સમૃદ્ધ રહી હતી. ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામના સમાપન સત્રમાં માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે પોતાના અધ્યક્ષીય ઉદભોધનમાં સમગ્ર કાર્યશિબિરના સફળ સંચાલન માટે કાર્યશિબિરનાં કન્વિનરડૉ. મીનળબા જાડેજાને અભિવંદન પાઠવ્યા હતા. વધુમાં તેમણે આ કાર્યશિબિર સંશોધનના નવા ઉપક્રમો સર્જવામાં નિમિત્ત બનશે, તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ સમાપન સત્રમાં આર.પી.પાઠક, પ્રાધ્યાપક, શ્રી લાલ બહાદૂર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, લિખિત બે પુસ્તકોનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં કુલ મળીને ૬૬ સહભાગીઓ જોડાયા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈના જન્મદિને શહેર ભાજપ દ્વારા સેવાકીય કાર્યક્રમ

ગુજરાતનું ભવિષ્ય ઉજ્જ્વળ કરનાર, લોકો વચ્ચે લોકો માટે કાર્યરત રહેનાર, સંકટ સમયે સક્રિયતાનું ઉદાહરણ આપનાર મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ નિમિતે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા સેવાયજ્ઞ અંતર્ગત સમર્પણ મુક બધિર શાળા સેક્ટર ૨૮ ના બાળકો દ્વારા કેક કટિંગ કરવામાં આવ્યું તેમજ બાળકોને નાસ્તાનું વિતરણ કર્યું હતું. તેમજ સે-૧૯ ખાતે પણ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, શહેર મહામંત્રી ગૌરાંગભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કાઉન્સિલર, હોદેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં પાંદડામાંથી આકાર બનાવવાની સ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૧૪-૭-૨૦૨૩ને શુક્રવારે ધોરણ-૫ ના વિદ્યાર્થીઓની પાંદડામાંથી પક્ષી અને પ્રાણીઓના આકાર બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૫ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. જેમાં દરેક વિદ્યાર્થીએ અલગ-અલગ પાંદડાનો ઉપયોગ કરી સુંદર પક્ષી અને પ્રાણીઓના આકાર બનાવ્યા હતા. શાળાના આચાર્ય શ્રીમતી નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સેક્ટર-૫ શ્રી પંચમુખી મહાદેવ શિવશક્તિ મંદિર ખાતે લાલાના હિંડોળાને શણગારવામાં આવ્યા હતા. રાધા-કૃષ્ણ મહિલા મંડળની બહેનોએ વિવિધ ચોકલેટ દ્વારા હિંડોળાને ખુબ સુંદર રીતે શણગાર્યા હતા.

ગાયત્રી વિધામંદિર લીહોડા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિધાર્થીઓની ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી તેમજ વિધાર્થી પરિષદની ચુંટણી યોજી વિધાર્થીઓને ચુંટણીની કામગીરીનો પ્રતયક્ષ અનુભવ કરાવવામાં આવ્યો હતો.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે આરટીઓ ઈન્સ્પેક્ટર દ્વારા રોડ-સેફટી અંગેની માહિતી

ગાંધીનગર, તા. ૧૫

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ઘ-૦ યુનિટ, ગાંધીનગર ખાતે આજરોજ આરટીઓ ઈન્સ્પેક્ટર યુ.કે. પટેલ તથા ડી.બી. પટેલ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને રોડ-સેફટીના નિયમો તથા વાહન ચલાવવાના નિયમો અંગે માર્ગદર્શન આપ્યુ હતું. આ ઉપરાંત સાઈન બોર્ડની વિસ્તૃત માહિતી પણ આપી હતી. શાળાના ટ્રસ્ટી ડૉ. પ્રદીપ ગગલાણી અને આચાર્યા જ્યોતિબેન ભાવસાર હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સેમિનારના અંતમાં વિદ્યાર્થી અને શિક્ષકો દ્વારા રોડ-સેફટીના નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ચાવડા નરેન્દ્રસિંહ જગતસિંહ** ઉ.વ.૧, કોલવડા
- **સ્વ.પંચાલ અમૃતલાલ મોહનલાલ** ઉ.વ.૮૯, ગાંધીનગર
- **સ્વ.ઠાકોર સોમાજી પુંજાજી** ઉ.વ.૮૪, બાલવા, માણસા
- **સ્વ.યાદવ સિધ્ધાર્થ સુરેશભાઈ** ઉ.વ.૨૧, ગાંધીનગર
- **સ્વ.પટેલ મંગુબેન કાન્તીલાલ** ઉ.વ.૯૨, ગાંધીનગર
- **સ્વ.પટેલ રામાભાઈ કાનાભાઈ** ઉ.વ.૫૨, નાના ચિલોડા